## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

જાહેરમાં એ દમામ કે પાસ આવવા ન દે
અંદરથી એ સંભાળ કે છેટે જવા ન દે !

- મરીઝ

### પાથેય

- રમેશ ઠક્કર

## અનોખી પહેચાન...

ચીલે ચાલે એ સર્જક કે કલાકાર ના હોઈ શકે..અને આમ છતાં પોતાના પુરોગામીનાં પગલાંને પવિત્ર પથ માનીને અવિરત ચાલતા રહેવું એ કોઈપણ સાચા કલાકારની પહેચાન હોય છે...

ભકત કવિ દયારામ કૃષ્ણ ભકિતનાં ગીતો લખતા એમાં નરસિંહનો વારસો હતો પણ એની ગરબીઓ એની આગવી ઓળખ છે.. એના અનુગામી દલપતરામ બોધકવિતાઓ લખતા...દલપતરામનો સમકાલીન નર્મદ એમનાથી બેહદ પ્રભાવિત હતો..પરંતુ એણે બોધકવિતાઓ ના લખી..એણે પ્રેમ શૌર્ય અંકિત કવિતાઓ લખી જે એની આગવી મુદ્રા જેવી છે.. આવું દરેક કલામાં હોય છે..આગવી છટા એ પ્રતિભાનું પ્રાથમિક લક્ષણ ગણાય..હમણાં ટી.વી ઉપર આવતો કપિલ શર્માનો કોમેડી શૉ મારો ગમતો કાર્યક્રમ છે..એણે હાસ્યને એક નવી પરિભાષા આપી..એ મોઢાના અંગમરોડ..મીમીક્રી કે સ્થુળ પ્રસંગો સિવાય પણ ચોટદાર હ્યુમર અને હાજરજવાબી ચબરાકીયાં દ્વારા અદ્ભુત માહોલ રચે છે..હાસ્યનો આ એક આગવો મુકામ છે. એક જમાનામાં ડાયરો એટલે સ્ટેજ ઉપર પલાંઠી મારી સોરઠી રચનાઓ લલકારતા કલાકારો..પણ મણિરાજ બારોટે ડાયરાની અસ્મિતાને અકબંધ રાખી એક અદ્ભુત યુ ટર્ન આપ્યો...પહેલીવાર ડાયરાનો કલાકાર સ્ટેજ ઉપર ગીત સાથે નાચતો હોય થનગનતો હોય અને લોકો હિલોળે ચડતા હોય એવું આપણે જોયું..અને ઉત્તર ગુજરાતનાં તળપદાં લોકગીતો પણ સોરઠી સરવાણી જેવાં જ મનભાવન છે એનો એહસાસ પણ કરાવ્યો...

આવું કલાના દરેક ક્ષેત્રમાં હોય છે..મહમદ રફી સુધી ચાલેલી સુરીલી ગીત સફર કિશોરકુમારની ધમાલ અને અવનવા અવાજો થકી પણ લોકભોગ્ય બની..એક કાળે મુકેશનો નેઝલ વોઈસ કે તલત મહેમૂદનો ધ્રૂજતો સ્વર પણ આગવી ભાત રચતો..જાડો કંઠ પણ સુમધુર હોઈ શકે એવું કિશોરકુમાર શૈલેન્દ્રસિંહે પુરવાર કર્યું..શાસ્ત્રીય રીતે પણ લોકપ્રિય ગીતો ગાઈ શકાય એવુ યેસૂદાસ અને સુરેશ વાડેકર સાબિત કરી શક્યા...પણ આ બધું કરતા પહેલાં એમણે પરંપરાને પણ આત્મસાત કરી હતી... સાહિત્યમાં એક સમયે પ્રલંબ બે, ત્રણ, ચાર ભાગની નવલકથાઓ ચાલતી..પછી ચુસ્ત બાંધણીવાળી એક જ ભાગની કથાઓ આવી..પછી ધારાવાહિક રસપ્રદ કથાઓનો યુગ આવ્યો..પ્રેમકથાઓ, ઐતિહાસિક, પછી સામાન્ય લોકોની વાત કરતી જાનપદી વાર્તાઓ આવી..ન્હાનાલાલ જેવા કવિ પણ આ બદલાવ ના સમજી શકયા..પણ પન્નાલાલ પટેલનાં ખેડૂત પ્રેમીઓ મેદાન મારી ગયાં.! પ્રીત એ કાંઈ ભદ્ર વર્ગની મોનોપોલી જ નથી..ઉધડિયાનો કાનજી અને જોગીપરાની જીવી પણ અદ્ભુત જીવી ગયાં ! એ પછી દલિત સંવેદનાઓ આવી જે આપણા માટે તદન નવી વાત હતી..એમની ભાષા એમની પ્રીત...હરિશ મંગલમ્ કે દલપત ચૌહાણના પ્રયોગોએ એક નવો ઉઘાડ આપ્યો...લઘુકથાઓ આવી..માઈક્રો ફિક્શન સળવળે છે.. ફેસબુક પોસ્ટ કે સ્ટેટસમાં પણ સાહિત્ય ધબકે છે..પણ એનાં મુળ છેક મુનશી સુધી કે ગા.મા.ત્રિપાઠી સુધી હોઈ શકે છે...! સર્જક બેફામ પણ નથી હોતો..કોઈકને કોઈકની અસરમાં એ જરૂર હોય છે. ઘણીવાર એ લખતો હોય એનાથી તદન વિભિન્ન પ્રતિભાના ઓછાયા હેઠળ પણ હોય છે.સમયાંતરે આ બધામાંથી નિકળી પોતાની આગવી શૈલી,છટા, કે મુદ્રા ઉપસાવવી એ સાચા કલાકારની પિછાન છે...કલા હંમેશાં નવી દિશાઓ શોધતી હોય છે..અને જૂની પગદંડીઓને પણ યાદ રાખતી હોય છે..

# કોંગ્રેસ દ્વારકાધીશના શરણે

**તંત્રીસ્થાનેથી...**

એક પછી એક નાના મોટા કહેવાતા નેતાઓ કોંગ્રેસ છોડીને સત્તાધારી ભારતીય જનતા પાર્ટીમાં ભળી રહ્યા છે ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ આગામી વિધાનસભાની ચૂંટણીમાં ૧૨૫ બેઠકોનો લક્ષ્યાંક હાંસલ કરવાના આયોજન માટે દ્વારકામાં ત્રિદિવસીય શિબિર યોજી રહી છે. હવે કોંગ્રેસના સર્વોચ્ચ કમાન્ડર તરીકે રાહુલ ગાંધી રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થઈ ગયા છે ત્યારે આ ચિંતન શિબિરનું એમનું આગમન કાર્યકરોની હતાશાને દૂર કરવામાં મદદરુપ નીવડશે. કોંગ્રેસને હળવાશથી લઈ શકાય નહીં એટલું તો ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રીય નેતાગીરી પણ સમજે છે. દ્વારકા પર પસંદગી ઉતારીને પ્રદેશ કોંગ્રેસે ભાજપની જ સાંપ્રદાયિક રાજનીતિનું અનુકરણ કર્યું છે. ધર્મથી દૂર રહેવાની રાજનીતિ નહેરુ-સરદાર જેવા સ્વાતંત્ર્ય સેનાની નેતાઓ માટે બરાબર હશે પણ હવે મોદી-શાહના યુગમાં એને વળગી રહેવામાં જોખમ છે એટલું તો કોંગ્રેસને સમજાઈ ગયું છે. તમે અયોધ્યા હસ્તગત કરી તો અમે દ્વારિકા કરીશું - એવી સીધી ચેલેન્જ આ સ્થળ પસંદગીમાં પ્રતિબિંબિત થાય છે. શ્રી કૃષ્ણથી મોટો કોઈ રાજનીતિજ્ઞ કે કૂટનીતિજ્ઞ પાંચ હજાર વર્ષના પ્રલંબ સમયપટ પર નોંધાયો નથી. પરંતુ કૃષ્ણ પાસેથી શીખવા જેવું રાહુલ ગાંધી શીખશે ખરા ?

મહાભારત જિતાડવા માટે કૃષ્ણે રાજનીતિ અને કૂટનીતિના તમામ હથિયાર અજમાવ્યા પણ પોતે યુદ્ધમાં હથિયાર નહીં ચલાવવાનો સંકલ્પ પાડી બતાવ્યો. એ સારથિના રોલમાં રહીને મહાભારતના સાચા વિજેતા સાબિત થયા. અર્જુનને તો એમણે નિમિત્ત જ બનાવ્યો. રાહુલ ગાંધી એવી સારથિની ભૂમિકા અજમાવી શકે તો ૨૦૨૨ થી ૨૦૨૪ સુધીનાં નાનામોટા કુરુક્ષેત્રોમાં એ પોતાની પસંદગીના યુધિષ્ઠિરોને જરૂર સત્તા સ્થાન સુધી પહોંચાડી શકે. કોંગ્રેસ આખરે ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે અને એની અક્ષૌહિણી સેનાને છેક ગ્રાસરૂટ સ્તરે ફેલાયેલી છે. એકાદ જયરાજસિંહ કે દિનેશ શર્માની આવન-જાવનથી એન ઝાઝો ફરક નહીં પડે.

ખાટલે ખોડ એ વાતે છે કે નહેરુ-ગાંધી પરિવારને પોતાની બહાર કોઈ નેતૃત્વ દેખાયું જ નથી. અરે ભાઈ, રાહુલ જ વડાપ્રધાન બને તો જ બરાબર - એવું કેમ ? દેશમાં લોકશાહી છે.

વર્તમાન સરકારને ઊથલાવી પાડવા માટે ખુદ પ્રજા તૈયાર બેઠી છે. આ કારમી મોંઘવારી, આ રોજેરોજ ધરમના નામ ધાંધિયા. લોકોને આ બધું ગમે છે એવું માની લેવાની જરૂર નથી. વિકલ્પ નથી, એની રામાયણ છે. એ વિકલ્પ રાહુલ ગાંધી આગામી પાંચ વર્ષ પૂરતા તો પૂરો પાડી શકે એમ નથી - એમની છબીને ઊછળી કરતાં ઓછોમાં ઓછો એટલો વખત તો લાગશે. ત્યાં સુધી કોંગ્રેસે પ્રાદેશિક પક્ષોને તક આપવી જોઈએ. બની શકે કે એ જ નારાજ થઈને કોંગ્રેસમાંથી છૂટા પડી પ્રાદેશિક પક્ષો બનાવી પોતપોતાના પ્રદેશોમાં સીમિત થઈ ગયેલા નેતાઓ ફરી પાછઆ માતૃસંસ્થામાં જોડાઈ એક નવી અને વ્યાપક, શક્તિશાળી અને ઊર્જાવાન કોંગ્રેસ બનાવવામાં મદદરુપ કે નિમિત્તરૂપ બને ! પરંતુ એ માટે ગાંધી પરિવારે વખત પૂરતો સારથિનો પાઠ ભજવવો પડશે. યુધિષ્ઠિરને હસ્તિનાપુરની ગાદી પર બેસાડવાની તૈયારી રાખવી પડશે. એવા યુધિષ્ઠિરની શોધ ચલાવવી જરૂરી છે - એ દક્ષિણ ભારતમાં મળી શકે; પૂર્વ ભારતમાં પણ હોઈ શકે અને મધ્ય ભારત કે ઉત્તર ભારતમાં પણ રાહ જોતો હોય. 'દ્વારકા ડેકલેરેશન' મારફત યુદ્ધનો રણટંકાર તો માત્ર ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલને કબજે કરવાનો જ હશે, પરંતુ એની દૂરગામી અસરો જરૂર પડી શકે. ચિંતન શિબિર એ ફક્ત ખાણીપીણી કે ધરમધ્યાન, પૂજાપાઠના વીડિયો શૂટિંગમાં સમાપ્ત ના થઈ જાય તે જરૂરી છે. કૃષ્ણ તો તૈયાર જ બેઠા છે - પાર્થે બાણ ચડાવવાનાં છે. એ પાર્થ એટલે કોણ ? લોકશાહીમાં પાર્થનું સ્થાન નેતા નહીં લઈ શકે, એ સ્થાન પ્રજાના ફાળે જ રહેશે.

# શિકારી અને મૃગ

અમર વારસો



ડૉ. રશ્મિકાન્ત મહેતા

એ ભીલ હતો. શિકારી હતો. શિકાર તો એનો વ્યવસાય હતો. નામ એનું ગુરુદ્રુહ હતું. પરંતુ એ સજ્જન હતો. લોકો એને ગુરુબ્રહ્મ કહેતા.

એ દિવસ મહાવદ ચૌદશનો હતો.

એ નિત્યક્રમ પ્રમાણે નીકળ્યો. પરંતુ આજે ભારે થઈ. સાંજ સુધીમાં એને કશું જ ન મળ્યું. સાંજે એ એક તળાવ પાસે આવ્યો. કિનારે બિલ્વવૃક્ષ હતું. એ એની ડાળ ઉપર બેસી ગયો. 'અહીં પ્રાણી પાણી પીવા તો આવશે ને ?'

રાત્રિનો પ્રથમ પ્રહર શરૂ થયો. ખરેખર એ સમયે એક હરિણી પાણી પીવા આવી. એણે ધનુષ્ય ઉપર બાણ ચડાવ્યું. આ ખખડાટમાં કેટલાંક બિલ્લી પત્ર નીચે પડ્યા. એને ખબર ન હતી. નીચે જમીનમાં શિવલિંગ હતું. એની પાણીની માટલીમાં પાણી નીચે ઝમતું હતું.

હરિણીએ ઉપર જોયું. એણે શિકારીને કહ્યું, 'તને ભૂખ લાગી છે ને ? કશો વાંધો નહિ. મને મારી નાખ. પરંતુ એ પહેલાં હું મારાં બે બાળકોને મળી આવું. તને એમ છે ને ? કે હું પાછી નહીં આવું ? જો હું પાછી ન આવું , તો ધર્મભ્રષ્ટ ને, અધર્મીને, જે પાપ લાગે; તે મને લાગે.'



શિકારીએ એને જવા દીધી.

બીજો પ્રહર શરૂ થયો. ફરી એક મૃગલી આવી. એ એની મોટી બહેન હતી. એ નાની બહેનને શોધવા આવી - શિકારી ગુરુબ્રહ્મએ શરસંધાન કર્યું. મૃગલીએ કહ્યું, 'નિઃસંકોચ મને મારી નાખ. પરંતુ એ પહેલાં હું મારી નાની બહેનને શોધી લઉં. હું પાછી ન આવું, તો મને બ્રહ્મહત્યાનું પાપ લાગે.'

શિકારીએ તેને જવા દીધી. હવે ત્રીજો પ્રહર શરૂ થયો. ત્યાં મૃગ આવ્યો. શિકારીએ બાણ ચડાવ્યું. હરણે એને કહ્યું - 'હું મારા પરિવારને શોધું છું. મને જવા દે. હું પાછો ન આવું તો; મા-બાપને દૂભવ્યાથી જે પાપ લાગે; તે મને લાગે.' શિકારી તેને પણ જવા દીધો.

હવે ચોથો પ્રહર શરૂ થયો. એને ભારે આશ્ચર્ય થયું. હરણ, બે હરિણી અને બે બચ્ચા - ચારેય એક સાથે દેખાયા. આપેલા વચનને પાળવાની નીતિમત્તા અને પ્રામાણિકતા. કોઈ એકબીજાને છોડવા તૈયાર નહિ. સામે ચાલીને મરવા આવ્યા.

પરંતુ જમીનમાં શિવલિંગ હતું. ઉપરથી શિકારીને કારણે બિલ્વપત્ર નીચે પડતાં હતા. માટલીમાંથી પાણી નમતું હતું. અજાણપણે ભગવાન શંકરની રાત્રિ પૂજા થઈ. ઉપવાસ, જાગરણ, અભિષેક અને બીલ્વપત્ર અર્પણ.

અજાણપણે થતી પૂજા પણ શિવજી સ્વીકારી લે. એમણે શિકારીનું હૃદયપરિવર્તન કરી નાખ્યું. શિકારીએ મૃગ પરિવારને કહ્યું, 'તમે સૌ મુક્ત છો. હું આજથી શિકાર છોડું છું.'

ભગવાન શંકર શિકારી - વ્યાધ - ઉપર અને મૃગ પરિવાર ઉપર પ્રસન્ન થયા. શિકારીની વિનંતીથી તળાવ કિનેરા પ્રતિષ્ઠિત થયા - વ્યાધેશ્વર મહાદેવ સૌને પોતાની સાથે શિવલોકમાં લઈ ગયા. મૃગ પરિવારને નક્ષત્રનો દરજ્જો આપ્યો - મૃગશીર્ષ.

### દિન મહિમા

- આનંદ શંકર ધ્રુવની જન્મજયંતિ, ગુજરાતી વિદ્વાન અને લેખક.
- રવિશંકર મહારાજની જન્મજયંતિ, ગુજરાતના લોકસેવક.

### આજનું ઔષધ

- રાઈ અને નમકનો લેપ કરવાથી મચડોકનો દુઃખાવો અને સોજો મટે છે.

### ખડખડાટ

- ડોકટરે હૃદયના દર્દી ચુનીલાલનું ચેકઅપ કર્યું અને બોલ્યા, 'હવે હું તને કાલે જોઈશ.' ચુનીલાલ : 'તમે તો મને કાલે જોશો, પરંતુ હું પણ તમને કાલે જોઈ શકીશ કે નહિ ?'

### આજનો વોટ્સએપ

- ઈશ્વર તમારે પક્ષે છે કે નહીં એ ચિંતા છોડી તમે ઈશ્વરને પક્ષે છો કે કેમ તેની ચિંતા કરો.

# પાંચ વખત વર્લ્ડ ચેમ્પિયન બનનાર ટેનિશ ખેલાડી રાફેલ નાડાલ કયા દેશનો છે?

ખજાનો



અનિલ પટેલ

### રમતજગત

૧ ઘોડે સવારીના રમતના મેદાનને શું કહે છે ?
(અ) એરિના (બ) વેલોડ્રોમ
(ક) રેસકોર્સ (ડ) હોર્સ પેવેલીયન

૨ જૂડો કયા દેશની રાષ્ટ્રીય રમત છે?
(અ) ચીન (બ) કોરિયા
(ક) જાપાન (ડ) સાઉથ કોરિયા

૩ કયો ખેલાડી હરિયાણા હરિકેન તરીકે ઓળખાય છે?
(અ) મનીંદર સિંઘ (બ) નવજોત સિદ્ધુ
(ક) અમરનાથ (ડ) કપિલ દેવ

૪ સંતોષ ટ્રોફી કઈ રમત સાથે સંબંધિત છે?
(અ) ક્રિકેટ (બ) હૉકી
(ક) ફૂટબોલ (ડ) બેઝબોલ

૫ ફિરોઝશાહ કોટલા ગ્રાઉન્ટ કયાં આવેલું છે ?
(અ) કોલકાત્તા (બ) દિલ્હી
(ક) લખનૌ (ડ) મુંબઈ

૬ ક્રિકેટ માટેનું મશહુર ઝહુર અહેમદ સ્ટેડિયમ કયાં આવેલું છે ?
(અ) ચિત્તગોંગ - બાંગ્લાદેશ (બ) રાવલપીંડી - પાકિસ્તાન
(ક) યુએઈ (ડ) દક્ષિણ આફ્રિકા

૭ સૂર્ય શેખર ગાંગુલી કઈ રમત સાથે સંકલાયેલ છે?
(અ) ફૂટબોલ (બ) ક્રિકેટ
(ક) ટેનિસ (ડ) ચેસ

૮ બ્રાઝિલના રીઓડી જાનેરો શહેરમાં કઈ સાલમાં ઓલિમ્પિક રમતોત્સવ યોજાયો હતો?
(અ) ૨૦૦૮ (બ) ૨૦૧૨
(ક) ૨૦૧૬ (ડ) ૨૦૨૦

૯ ૨૦૧૧ના વિશ્વકપમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ કયા ખેલાડીનો છે?
(અ) સચિન તેંડુલકર (બ) રિકી પોન્ટિંગ
(ક) સહેવાગ (ડ) તિલરત્ન દિલશાન

૧૦ કયો ગુજરાતી ક્રિકેટર ઈખર એક્સપ્રેસ તરીકે ઓળખાય છે?
(અ) મુનાફ પટેલ (બ) ઈરફાન પઠાણ
(ક) રવિન્દ્ર જાડેજા (ડ) પાર્થિવ પટેલ

૧૧ સૌપ્રથમ ઈંગ્લીશ ચેનલ તરીને પાર કરનાર ગુજરાતી ખેલાડી કોણ હતા ?
(અ) સુફિયા શેખ (બ) નાથુરામ પહાડે
(ક) મેહર મૂસા (ડ) અનિદા સુદ

૧૨ આખલાની સાઠમારી રમત કયા દેશની છે ?
(અ) બ્રાઝીલ (બ) યુક્રેન
(ક) હોલેન્ડ (ડ) સ્પેન

૧૩ બારામતી સ્ટેડિયમ કયાં આવેલું છે?
(અ) મેંગ્લોર (બ) પુના
(ક) કટક (ડ) ઈન્દોર

૧૪ સર આસુતોષ મુખરજી ટ્રોપી કઈ રમત માટે અપાય છે?
(અ) ફૂટબોલ (બ) હૉકી
(ક) કબડ્ડી (ડ) બેઝબોલ

૧૫ પાંચ વખત વર્લ્ડ ચેમ્પિયન બનનાર ટેનિશ ખેલાડી રાફેલ નાડાલ કયા દેશનો છે?
(અ) બ્રાઝિલ (બ) હંગેરી
(ક) સ્પેન (ડ) આર્જેન્ટિના

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

● ૨૫ ફેબ્રુઆરી :
- મૂક સેવક રવિશંકર મહારાજનો જન્મમદિવસ (૧૮૮૪)
- આસામ ટ્રેન બોમ્બ હુમલામાં ૨૭ સૈનિકોનો મોત (૧૯૯૫)
- મશહુર ફ્રેન્ચ ચિત્રકાર પેરી અગસ્ટે રનીરોનો જન્મદિવસ (૧૮૪૧)
- ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડોન બ્રેડમનનું ૯૨ વર્ષની વયે અવસાન (૨૦૦૧)

● ૨૬ ફેબ્રુઆરી :
- ફ્રાન્સના સાહિત્યકાર, વિક્ટર હ્યુગોનો જન્મદિવસ (૧૮૦૨)
- અમદાવાદનો સ્થાપના દિવસ (૧૪૧૧)
- અમેરિકન મ્યુઝિશિયન જહોની ક્રેશનો જન્મદિવસ (૧૯૩૨)
- ઈઝરાયેલના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ એરિયલ શેરોનનો જન્મદિવસ (૧૯૨૮)

● ૨૭ ફેબ્રુઆરી :
- ક્રાન્તિવીર ચંદ્રશેખર આઝાદનું નિધન (૧૯૩૧)
- ચિલી દેશમાં ત્સુનામી અને ધરતીકંપ આવ્યો (૨૦૧૦)
- કુમાર પ્રકાશનના તંત્રી બચુભાઈ રાવતનો જન્મદિવસ (૧૮૮૯)
- ગોધરાકાંડનો ગોઝારો હત્યા દિવસ (૨૦૦૨)

● ૨૮ ફેબ્રુઆરી :
- અમેરિકન બાસ્કેટ બોલ કોચ ડેન સ્મીથનો જન્મદિવસ (૧૯૩૧)
- અમેરિકાના બાલ્ટીમોર અને ઓહીયો વચ્ચે રેલવે શરૂ કરાઈ (૧૮૨૭)
- ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર બાબુનું નિધન (૧૯૬૩)
- રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

● ૧લી માર્ચ :
- વિશ્વ વિખ્યાત માનવતાવાદી ઈતિહાસકાર આર્લોન્ડ ટોયેમ્બીનો જન્મદિવસ (૧૮૮૯)
- સાહિત્યકાર જયંત પાઠકની પુણ્યતિથિ (૨૦૦૩)
- લિયુનિયાના રાષ્ટ્રપ્રમુખ ડાલીયા ગ્રેબસ્કાઈટનો જન્મદિવસ (૧૯૫૬)
- ફ્રેન્ચના મશહુર ફિલ્મ ડાયરેકટર એલન પ્રહસનીસનું ૯૧ વર્ષની વયે નિધન (૨૦૧૪)

● ૨જી માર્ચ :
- જેકી શ્રોફના પુત્ર ટાઈગર શ્રોફનો જન્મદિવસ (૧૯૯૦)
- પ્રસિદ્ધ અમેરિકન લેખક ડે સ્પુઝનો જન્મદિવસ (૧૯૦૪)
- ઉત્તર આફ્રિકાનો મોરાકો દેશ સ્વતંત્ર થયો (૧૯૫૬)
- ભારતીય લેખિકા અને લીડર સરોજિની નાયડુનો જન્મદિવસ (૧૮૭૯)

● ૩જી માર્ચ :
- આધ્ય ઉદ્યોગપતિ જમશેદજી તાતાનો જન્મદિવસ (૧૮૩૮)
- ઉર્દૂ ગઝલના કવિ ફિરાક ગોરખપુરીનું નિધન (૧૯૮૨)
- અમેરિકન સાહસિક સ્ટીવ ફાસેસ્ટે પૃથ્વીની ફરતે ૬૭ કલાક ઉડ્ડયન કરીને રેકોર્ડ કર્યો (૨૦૦૫)
- અમેરિકન એથલેટ્સ જેકી જોનર કાર્સીનો જન્મદિવસ (૧૯૬૨)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

ગોવાના પૂર્વ મુખ્યમંત્રી મનોહર પારિકરના પુત્રનું નામ શું છે ?
જવાબ : ઉત્પલ પારિકર

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મુળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬બી (૫) પંકજ આર પ્રજાપતિ : ઈન્ફો જુ.સા. (૬) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૭) ભરતભાઈ મોદી : પેથાપુર (૯) એન બી ચુડાસમા : સેકટર-૩બી

**આ સપ્તાહનો સવાલ**

યુરોપના કયા દેશ અને રશિયા વચ્ચે યુદ્ધની નોબત આવી છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# પરદેશમાં 'ગુજરી' જવાની માણી અમે મજા !!

હળવે હૈયે



પ્રકાશ લાલા

'કાલે સવારે હું ગુજરી જવાનો છું... તારો વિચાર છે?' અમારા ફ્રેન્ડનો ફોન આવ્યો.

આ વાત સાંભળીને ચોંકી ઊઠવાની જરાય જરૂર નથી... કેમ કે એ ફ્રેન્ડ પરલોક સીધાવી જવાની નહીં પરંતુ 'ગુજરી બજારમાં' જવાની વાત કરતો હતો. એ મજાકિયો ને શબ્દોની રમત કરીને રમૂજ કરવાની ટેવવાળો હોવાથી 'ગુજરી બજારમાં જવાનો છું' એમ પૂરું બોલવાના બદલે 'ગુજરી જવાનો છું' કહેતો હતો!

અમારો આ દોસ્ત રમૂજમાં પ્રકાશને 'કપાસ' અને મહેંદી રસમને 'મહેંદી હસન'ની વિધિ કહી મૂંઝવી નાખતો હોય છે.

અમદાવાદમાં સાબરમતી નદીના તટમાં 'ગુજરી' ભરાય છે, જે 'રવિવારી બજાર' તરીકે પણ ઓળખાય છે એની આપણને જાણકારી છે જ...

'આતા હૈ યાદ મુજ કો, ગુજરા હુઆ જમાના...' કે 'ગુજર ગયા વો જમાના કૈસા....' એ ફિલ્મી ગીતો મુજબ ગુજરી ગયેલો - વીતી ગયેલો સમય કેવો હતો ને ભૂતકાળમાં કેવી કેવી ચીજો વ્યવહારમાં હતી - અસ્તિત્વમાં હતી તેની ઝાંખી કરાવતી - યાદ અપાવી જાય એવી વસ્તુઓ ત્યાં વેચાતી હોવાથી એનું 'ગુજરી' એવું નામ પડ્યું હશે કે કેમ?



જે હોય તે પણ અમદાવાદની 'ગુજરી' ની યાદ એટલે આવી કે લાસ્ટ વીક એન્ડમાં અમે અહીં અમેરિકામાં ભરાયા આવા એક ગુજરી બજારમાં લટાર મારી આવ્યા. અહીં એને ફિઅલા (Flea) માર્કેટ કહેવામાં આવે છે. ફિલઆ - Flea શબ્દ ફ્રેન્ચ ભાષાનો છે. મૂળે તો ચોક્કસ પ્રકારની જીવાતના કારણે બગડી ગયેલી ગાદીઓ - ટેપેસ્ટ્રી વાળું ફર્નિચર સસ્તામાં વેચી નાખવા માટે પેરિસમાં ભરાયા ખાસ બજાર માટે આ શબ્દ વપરાતો, જે હવે દરેક પ્રકારની સેકન્ડ હેન્ડ ને જૂની ચીજોના બજાર માટે પ્રચલિત બની ગયો છે.

આ 'ફિલઆ' માર્કેટની મુલાકાત લેતાં અમને આપણું ગુજરી બજાર યાદ આવી ગયું. અદલ એવું જ... હા, ફર્ક દેશી ને પરદેશી લોકોમાં - કલ્ચરલમાં હોય એવો ખરો... આપણી 'ગુજરી'માં વેપારીઓ વેચવાની વસ્તુઓનો ખાટલામાં પથારો કરીને બૂમો પાડતા હોય, અહીં આ મોટા - ઊંચા - પાટ જેવાં ટેબલો પર ગોઠવીને વેન્ડર્સ તૈયાર હોય.... અમે જે ફિલઆ માર્કેટમાં ગયા હતા એ 'ગોલ્ડન નુગેર એન્ટિક ફિલઆ માર્કેટ' હતું. અમારા ન્યુ ટાઉન, પેન્સિલિવેનિયાથી ૨૦ મિનિટનીદૂરી પર આ માર્કેટ નદી કિનારે ખરું પણ સવ આપણી 'ગુજરી'ની માફક સાબરમતીના પાલવ - પટમાં નહીં. એક તરફ નીચે ડેલાવર નદી વહે, થોડે દૂર ઉપર વાહનવ્યવહારથી ધમધમતો હાઈવે ને તેની બીજી તરફ ખુલ્લા મેદાનમાં, આ માર્કેટ માટે ફાળવાયેલ જગ્યામાં, લાયસન્સધારી વેડર્ન્સ દ્વારા નંબર લગાડેલાં ટેબલ ઉપર જામતું બજાર. આપણી 'ગુજરી' રવિવારે જ ભરાય તો આ ફિલઆ માર્કેટ આખું વર્ષ રોજ ભરાય છે... બીજો ફરક ને આપણી 'ગુજરી'નો શોરબકોર અને ઘાંટાઘાંટીનો માહોલ અહીં ના મળે ! કોઈ ગ્રાહકને ખેંચવા બૂમો ના પાડે, પોતાના માલની 'લાઉડ માઉથ પબ્લિસીટી' પણ ના કરે... જાણે કંઈ પડી ના હોય.. લો - જુઓ તોય ઠીક ને ના જુઓ - લો તોય ભલે.... 'લે ઉસકા ભલા, ના લે ઉસકા ભી ભલા' જેવું જ !! વેન્ડર્સ પણ શાંત - મૌન ને ખરીદનારા - જોનારાય શાંત... વસ્તુ જોઈને ગમે તો બહુ ધીમા અવાજે એના વિશે - એનો ઈતિહાસ - ભૂગોળ વિશે ને પ્રાઈસ વિશે પૃછ્છા કરે ને પેલો એ જ રીતે સમજાવે - બોલે. હા,અહીં પરદેશમાં બાર્ગેનિંગ થતું પહેલીવાર જોયું.... કેમ કે સામાન્યતઃ ઓનલાઈન કે સ્ટોર્સમાં વેચાતી વસ્તુઓના ફિક્સ રેટ લખાયેલા જ હોય, જેમાં 'ડીલ' હોય, સેલ હોય તો તે પણ લખેલું જ હોય એટલે ભાવ-તાલ કરવાનો કોઈ ચાન્સ જ ના મળે.... યસ, પ્રોપર્ટી - હાઉસની લે-વેચમાં ઓનલાઈન ઓફર્સની આપે થાય ખરી.. પણ ખુલ્લા બજારોમાં 'ફિલઆ માર્કેટ'માં ગ્રાહક વિક્રેતા વચ્ચે બાર્ગેનિંગ થતી જોઈ.

ગણી ગણાય નહીં એટલી વેરાઈટીઝની, દુનિયા આખીની, જૂની - પુરાણી, વાપરેલી કે અનયુઝડ, સંગ્રહવાલાયક કે શોખથી વાપરવા લાયક, ડેકોરેશન્સની, 'એન્ટિક' ને 'વિન્ટેજ' સાથે થોડી નવી વસ્તુઓ પણ પ્રદર્શિત થયેલી જોઈ. મ્યુઝિકની રેર કેસેટ્સ - રેકોર્ડઝ, બુક્સ ને શૉ-પીસીસ, પેઈન્ટિંગને શિલ્પો, વોલ કલોક્સ રે રીસ્ટ વોચીચ, એનાં જૂના મશીનો, હથિયારો, ચિત્ર-વિચિત્ર ફોન્સ ને ફેન્સ, જૂન માડેલના રેડિયોઝ, પુરાણા - દેશવિદેશના કોઈન્સ, ફર્નિચર, કપડાં, ક્રોકરીઝ, જવેલરી.... અરે, ગાડીઓની નંબર પ્લેટ્સ, પ્લેઈંગ કાર્ડઝ, જૂના પાનાં-પક્કડ, પણ ખરા, સ્મોકિંગ ના કરતા હોઈએ કે ડ્રિંક્સ ના લેતા હોઈએ તો ય હાથમાં રાખવા કે ઘરમાં મૂકવા ગમે - વટ પડે એવાં સિગારેટ - સિગરેટ કેસીસ, લાઈટર્સ અને વિવિધ બ્રાન્ડની આકર્ષક મેચ બોક્સ - એશ ટ્રેઝ તેમજ વાઈન બોટલ્સ ને મદિરા જામ... કંઈ બાકી નહીં.... 'પીનની પિયાનો' કહીએ તેવું બધું જ જોવા મળ્યું.... અમારી આ ફિલઆ માર્કેટની સફર દરમિયાન. કંઈ લેવું જ હોય તો ય જોવાની મોજ પડે એવું બજાર ને એનો માહોલ.

વેન્ડર્સ એમની 'કલેક્ટિબલ આઈટેમ્સ' નો નાનો-મોટો ખજાનો ખોલીને બેઠા હતા અહીં... કાળા

અનુસંધાન પાના નં. ૭ પર